

## સલામી સવારની..

સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

*સત્તા-ભૂખ્યો વાઘ પોતાની બોડમાં જ ફસાયો છે,*
*ત્રાડ બની કાકલૂદી, મતદારોથી હસાયો છે.*
*ગૂંચવાયો પોતાની ફીરકીના માંજાઈ દોરથી -*
*સત્તાના સ્વાર્થે, કુટુંબ-કલેશથી જ ઘસાયો છે...*

હાઈકુ

*શિવ-સૈનિક,*
*સત્તાનાં વાવાઝોડે -*
*ફંટાઈ દિશા...*

*વિના પાવર*
*છે પાવર હાઉસ*
*દોડે પવાર*

### ચિંતન

**યત્યાપં બ્રહ્મહત્યયા દ્વિગુણં ગર્ભપાતને**
**પ્રાયશ્ચિતં ન તસ્યાસ્તિ તસ્યાસ્ત્યાગો વિધીયતે ॥**

ઉપરોક્ત શ્લોક પરાશર સ્મૃતિમાંથી લેવામાં આવેલ છે.

જે બ્રહ્મ હત્યાને મહાપાપ ગણવામાં આવે છે. તેમ ગર્ભહત્યા ભ્રૂણ હત્યા પણ મહાપાપ છે. અહીં પરાશર સ્મૃતિમાંથી લેવાયેલ શ્લોકનો અર્થ છે કે - બ્રહ્મહત્યાથી જે પાપ લાગે તેનાથી બમણું પાપ ગર્ભહત્યાથી લાગે છે. આથી આ મહાપાપનું કોઈ પ્રાયશ્ચિત નથી. આવી સ્ત્રી જે ગર્ભપાત કરે છે તેનો ત્યાગ કરવો. બ્રહ્મવૈવર્તપુરાણમાં એક કથા છે. ભગવાનની શક્તિ-પ્રકૃતિ રાધાએ પોતાના ગર્ભનો પાત કરી જળમાં ફેંકી દીધો. ભગવાને એમને શાપ દીધો, તને અને ગર્ભપાત કરાવનારને આવતા જન્મોમાં કદાપિ સંતાન થશે નહિ. ત્યાર પછી પ્રકૃતિએ પોતાની જીભ પરથી સરસ્વતી અને લક્ષ્મીને ઉત્પન્ન કર્યા. શાસ્ત્રો કહે છે કે સરસ્વતી અને લક્ષ્મીને પણ સંતાન થયા નથી. કહેવાય છે રાધાએ પોતાના રોમમાંથી ગોપ-ગોપીઓ પ્રગટ કર્યા છે. પણ તેમને પણ સંતાન થયા નથી.

આજકાલ સરકાર એક બાજુ વસ્તી વધારો અટકાવવાની વાત પણ કરે છે અને બીજી બાજુ સ્ત્રીની સંખ્યાનું પ્રમાણ ઘટતા 'ભ્રૂણ હત્યા' માટે જાગૃતિ લાવવાની વાત કરે છે. એ બંને પરસ્પર વિરોધી વાત છે.

### સુવિચાર

- ચંદ્રક તો ચાર દી'ના આપે ઘણાય, કોઈ 'સૂર્યક' આપે તો વાત જામે - **મકરંદ દવે**
- હલાવી દે એનું નામ સૂર, અને રડાવી દે એ ભાવ - **ભીમસેન જોશી**
- સર્વ ધર્મના ઝરણાં ભેટે એક જ સિંધુ ઉર!! - **રમેશ સંઘવી**
- ગુનો કર્યા પછી પણ બહાનું શોધવું, એ વધુ મોટો ગુનો છે - **ગાંધીજી**
- સારા માણસે મરવું તો પડે જ છે, પણ મૃત્યુ તેનું નામ ભૂંસી શકતું નથી - **એલ્બર્ટ હલાર્ડ**
- જાલીમને જુલ્મ કરતાં ન રોકવો, તે તેને મદદ કરવા બરાબર છે - **હદીસ બોધ**
- આજનું ઔષધ : ચપટી જીરું-અજમો-સુવા અને ગોળ મિક્સ કરી ખાવાથી હેડકી મટે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

આફ્રિકામાં ગરીબ આફ્રિકાવાસીઓને માટે જીવનભર ગોરા લોકોની સરકાર સામે લડનાર 'મેરી મૂડલને સ્થાનિક લોકો આન્ટી મૂડલેથી ઓળખતા. તેઓ ખુદ ગરીબ હતા. પણ પોતાનાં બાંધવો સાથે એણની હમદર્દી કાબીલ એ તારીફની હતી. સમાજના ગરીબ પીડિતો લોકોની સેવામાં તન-મન-ધનથી જાત નિચોવી નાખી હતી. ગરીબીને કારણ તેમના શરીર પર પણ ખરાબ અસર પડી અને તેઓ ભયંકર માંદગીમાં સપડાયા.' દાકતરે તેમને તપાસીને કહ્યું, 'આન્ટી મૂડલે, તમે હૃદયના રોગના દર્દી બન્યા છો. તમે કીમતી દવાઓ રોજ લેશો. અને સાથે સાત્ત્વિક, પૌષ્ટિક ભોજન લેશો તો સારા-સાજા થશો નહીતર જાનનું જોખમ દેખાય છે.' આન્ટી મૂડલે બોલ્યાં, 'ડૉકટર સાહેબ. આપની સલાહ મને ગળે ઉતરતી નથી.' ડૉકટરે કહ્યું, 'એટલે ??' આન્ટી મૂડલે બોલ્યા, 'મારાથી કિમતી દવાઓ અને કીમતી પૌષ્ટિક ખોરાક લઈ શકાય તેમ નથી. મારા ઘરે આ ચાર આશ્રિત બાળકો રહે છે. તેઓ માત્ર દાળિયા ફાકીને દિવસો પસાર કરે છે. જો હું એમને પૌષ્ટિક ખોરાક આપી શકતી નથી. ત્યાં મારા માટે હું મોંઘી દવાઓ અને કીમતી ભોજન વિશે વિચારી પણ કેવી રીતે શકું ?' મારા દેશમાં અનેક ગરીબ આદિવાસીઓને હું જોઉં છું કે જેમને બે ટંકનું ભોજન પણ નસીબમાં નથી. તો પછી હું કયા મોઢે મોંઘી દવા-ખોરાક લઈ શકું ? આવું જીવન લંબાવીને પણ શો અર્થ ? આવા આન્ટી મૂડલેના વાક્ય સાંભળીને દાકતર એમને મનોમન વંદી રહ્યો.

# ન્યાયતંત્ર પણ હવે આરટીઆઈના દાયરામાં

તંત્રીસ્થાનેથી...

દેશ સિનિયર એડવોકેટ પ્રશાંત ભૂષણ અને સુપ્રીમ કોર્ટના નિવર્તમાન મુખ્ય ન્યાયાધીશ રંજન ગોગોઈનો ઓશિંગણ રહેશે, જેમણે માહિતી મેળવવાના અધિકાર અંતર્ગત ખુદ સુપ્રીમ કોર્ટના ન્યાયમૂર્તિઓને પણ આવરી લેવા માટેની નક્કર ભૂમિકા ઊભી કરીને લોકશાહીને વધુ પારદર્શક અને વિશ્વસનીય આયામ આપ્યો છે. આરટીઆઈના ઐતિહાસિક કાનૂનમાં સુપ્રીમ કોર્ટ કે ન્યાયતંત્ર ઉપરાંત રાજકીય પક્ષોને બાકાત રાખવામાં આવ્યા હતા તેથી દેખીતી રીતે આ કાનૂન એની મર્યાદાઓને કારણે વિકલાંગ વરતાતો હતો. દિલ્હી હાઈકોર્ટ દ્વારા ન્યાયતંત્ર પણ આરટીઆઈના દાયરામાં આવી જવું જોઈએ એવા ઐતિહાસિક ચુકાદાને તત્કાલીન સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ બાલકૃષ્ણને ફગાવી દીધો હતો. પરંતુ એ નિર્ણય સાચી લોકશાહી સંદર્ભે બંધારણીય જોગવાઈ મુજબનો હતો એવું વરિષ્ઠ ધારાશાસ્ત્રી પ્રશાંત ભૂષણે સુપ્રીમ કોર્ટના હમણાં જ નિવૃત્ત થનાર ચીફ જસ્ટિસ રંજન ગોગોઈ અને એમના નેતૃત્વ હેઠળની ખંડપીઠના ગળે ઉતારવામાં સફળતા મેળવી, ભલે બહુમતી નિર્ણયથી, પરંતુ એથી ન્યાયતંત્ર વધુ ઊજળું બન્યું છે. ન્યાયતંત્ર પણ જાહેર સંસ્થા છે, એને આરટીઆઈનાં અજવાળાંથી વંચિત રાખવાં એક પ્રકારનું શંકાસ્પદ વાતાવરણ જ સરજાય. આ વાત જસ્ટિસ રંજન ગોગોઈ અને વર્તમાન ચીફ જસ્ટિસ રમન્ના બરાબર સમજી શક્યા તે આપણી લોકશાહી પરંપરાનો જ વિજય ગણાશે. અભિનંદન અને આભાર. હવે રાજકીય પાર્ટીઓને જે રક્ષણ મળ્યું છે તે પણ દૂર કરવાનો સમય પાકી ગયો છે. એમને આરટીઆઈના અધિકાર ક્ષેત્રમાં નહીં લાવવામાં આવે ત્યાં સુધી રાજકારણમાં કાળાંધોળાં સતત ચાલતાં રહેશે. સુપ્રીમ કોર્ટે જયારે ખુદ પોતાને આરટીઆઈના દાયરામાં લાવવાનો નિર્ણય કરે છે ત્યારે આ ઠાવકા રાજકારણીઓ લોકોને છૂટ અપાય તે કોઈ પણ રીતે યોગ્ય નહીં લેખાય. સુપ્રીમ કોર્ટે પોતાના જજોની જાસૂસી માટે આ કાયદાનો દુરૂપયોગ નહીં કરી શકાય એટલો આગ્રહ જરૂર રાખ્યો છે. એ જ રીતે રાષ્ટ્રીય નેતાઓની જાસૂસી માટે આ કાયદાનો દુરુપયોગ ન થવો જોઈએ પણ એમને મળતા ફંડ વિશે તો પારદર્શક માહિતી ઉપલબ્ધ થવી જ જોઈએ. સત્તાધારી પાર્ટીને અધધધ ફંડ મળે છે જયારે એની સરખામણીએ વિપક્ષોને સાવ નજીવી રકમ મળે છે એનો સીધો અર્થ એટલો જ થાય કે ફંડ આપનારી પાર્ટીઓ શરતી ફંડ આપે છે - પોતાનાં ખરાંખોટાં કામ કઢાવી લઈ એ દેશની તિજોરી પર મોટો બોજો નાખે છે. આટલું સ્પષ્ટ થઈ જતાં આરટીઆઈ મતદાતા માટે એક હાથવગું હથિયાર બની રહેશે જેનો ઉપયોગ તે બંધારણીય અધિકારો મેળવવા અને અનિષ્ઠ-અવાંછિત તત્ત્વોને બોધપાઠ ભણાવવા માટે કરી શકશે. આરટીઆઈના ઉપયોગથી દિનુ બોઘા સોલંકી જેવા માથાભારે સાંસદની રાજકીય કારકિર્દી ખતમ કરી શકાય છે, તે ગુજરાતની પ્રજાએ નજરે નિહાળ્યું છે.

# નારાયણનું નામ જ લેતાં...!

અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા



કનોજ શહેરનો બ્રાહ્મણ અજામિલ હતો. એનામાં વિદ્વતા એટલો જ સંસ્કારી. 'વિદ્યા વિનયથી શોભે' એ વાક્યને એ અનુરુપ હતો. એનું લગ્ન પણ એવી જ સુશીલ અને ગુણિયત બ્રાહ્મણ યુવતી સાથે થયું હતું. બંનેને એક બાળક પુત્ર હતો. પરિવારને માબાપની છત્રછાયા હતી.

પરંતુ એનામાં એક અવગુણ હતો. સ્વતંત્ર પણે વિચારી ન શકે, કે પોતાનું શેમાં ભલું છે. બીજાના ખોટા પ્રભાવમાં આવી જાય. આને કારણે કુટુંબનું સુખ વેરવિખેર થવા લાગ્યું, પોતે ખરાબ મિત્રોની સોબતે ચડી ગયો. આ લોકો એને પૈસે દારૂ અને જુગારમાં પડી ગયા અને અજામિલે અધઃપતનનો માર્ગ લઈ લીધો. આ વ્યસનો સંતોષવા એ ઘરમાં ચોરી કરતો. પત્ની એને અટકાવે, તો એને મારઝૂડ કરતો. ખરાબ સોબતને કારણે, એના અવિચારીપણાને કારણે, એના ઉન્નત વ્યક્તિત્વનું અધઃપતન થઈ ચૂક્યું.

એકવાર એ રાજમાર્ગ પર પસાર થતો હતો, અને નગરની પ્રસિદ્ધ ગણિકા એને મળી ગઈ. ગણિકાએ એના ઉપર ઉન્માદક દ્રવ્યનો છંટકાવ કર્યો. અજામિલ એની અસરમાં આવી ગયો. બંને એ એકબીજા માટે પ્રેમ અનુભવ્યો. અજામિલે એની સાથે લગ્ન કરી લીધા.

હવે અજામિલે એક ખરાબ પગલું ભર્યું. પોતાના પરિવારને છોડી દીધો - સુશીલ પત્ની, નિર્દોષ બાળક અને પ્રેમાળ માતાપિતા. ખરેખર તો આ સૌને પોષવા એની ફરજ હતી, પણ વિવેકથી ભ્રષ્ટ થાય એનું પતન પણ સોગણું થાય.

એ ગણિકા સાથે રહેવા લાગ્યો. વર્ષો વીતવા લાગ્યાં. એમને સંતાનો થયા. એનો સૌથી નાનો પુત્ર બાળક હતો. એનું નામ નારાયણ હતું. અજામિલને એ બહુ વહાલો હતો. એની સાથે જ હોય. એને રમાડે. તેની તોતડી બોલીથી રાજી થાય, ખવડાવે, પીવરાવે. અજામિલ કોઈ એકવાર ગંભીર માંદગીમાં સપડાયો. એની ઉંમર પણ થઈ હતી. એને ખાતરી થઈ ગઈ - 'પોતાનું મૃત્યુ થવાનું છે. એને મરતી વખતે નારાયણને યાદ કર્યો, એને બોલાવ્યો, 'નારાયણ, આવી જા. જલદી કર.' બાળક તો દૂર રમતો હતો એણે સાંભળ્યું નહિં.

અજામિલની ઈન્દ્રિયો અચેત થઈ ગઈ, આંખો મીંચાઈ ગઈ. એટલા દુષ્કર્મો કર્યા હતા. નરકમાં જ ગતિ હોય. ત્રણ યમદૂત એને લેવા આવ્યા. પરંતુ ત્યાં ચાર સોહામણા પુરુષો આવ્યા. તેઓ ભગવાન વિષ્ણુના સેવકો હતો. તેમણે યમદૂતને આદેશ આપ્યો, 'એને લઈ જવાનો નથી. એનું નરકમાં સ્થાન નથી. એણે મરતી વખતે નારાયણનું સ્મરણ કર્યું છે. જાણતાં કે અજાણતાં, ઠેસ વાગતાં કે, પડતાં આખડતાં કોઈ શ્રી હરિનું નામ લે; તો એને નરકમાં ગતિ હોય જ નહિ. એના બધાં પાપો બળી જાય.' યમદૂતો જતા રહ્યા, એટલે અજામિલને પુનર્જિવન મળ્યું.

અજામિલની ઈન્દ્રિયો સચેત થઈ ગઈ. એને ખાતરી થઈ ગઈ - 'આ ભગવાનની કૃપા છે.' એને પસ્તાવો થયો પરંતુ પછી એણે હરદ્વાર પ્રસ્થાન કર્યું. ભગવતી ગંગાને કિનારે ભક્તિ અને યોગને સહારે પોતાનો દેહ મૂક્યો. ફરીવાર ભગવાન વિષ્ણુના સેવકો આવ્યા. એનો હવે વૈકુંઠમાં વાસ થયો.

અજામિલ વૃત્તાન્ત ભગવાનના નામસ્મરણનો મહિમા પ્રગટ કરે છે.

# રુદ્રદત્ત અને કલ્યાણીનાં પાત્રોના સર્જક કોણ છે ?



ખજાનો
અનિલ પટેલ

## ગુજરાતી સાહિત્ય

૧ શ્રાવણી રાતના સર્જક કોણ છે ?
(અ) રઘુવીર ચૌધરી (બ) સરોજ પાઠક
(ક) જયન્ત પાઠક (ડ) દિગીશ મહેતા

૨ કેવડીયાનો કાંટો નવલકથાના લેખક કોણ છે ?
(અ) ઈશ્વર પેટલીકર (બ) રાવજી પટેલ
(ક) પીતાંબર પટેલ (ડ) મફતલાલ પટેલ

૩ પ્રવીણ જોષીનું નામ કયા ક્ષેત્ર સાથે જોડાયેલું છે ?
(અ) કાવ્ય (બ) પ્રયાસ કથા
(ક) નાટ્ય સાહિત્ય (ડ) બાળ સાહિત્ય

૪ નીચેનામાંથી કઈ નવલકથા સુરેશ જોષીની છે ?
(અ) ખેતરને ખોળે (બ) સુખ નામનો પ્રદેશ
(ક) હેતનાં પારખાં (ડ) છિન્નપત્ર

૫ 'જુનું ઘર ખાલી કરતાં' સોનેટના કવિ કોણ છે ?
(અ) આદિલ મન્સુરી (બ) બાલ મુકુંદ દવે
(ક) અમૃત ઘાયલ (ડ) નરસિંહ દિવેટીયા

૬ રુદ્રદત્ત અને કલ્યાણીનાં પાત્રોના સર્જક કોણ છે ?
(અ) રમણલાલ વ.દેસાઈ (બ) ધૂમકેતુ
(ક) રમેશ પારેખ (ડ) લાભશંકર ઠાકર

૭ ગુજરાતની ગીતાંજલિના કવિ કોણ છે ?
(અ) ધૂમકેતુ (બ) નરસિંહરાવ દિવેટીયા
(ક) કવિ ઉશનસ્ (ડ) કલાપી

૮ કઈ નવલકથામાં માલી ડોશીની ભૂમિકા ખલનાયક તરીકે છે ?
(અ) લીલૂડી ધરતી (બ) માનવીની ભવાઈ
(ક) આંધળી ગલી (ડ) લોહીની સગાઈ

૯ ટીહો અને વાલજી વણકર કઈ નવલકથાના પાત્રો છે ?
(અ) ગ્રામલક્ષ્મી (બ) જનમટીપ
(ક) અશ્રુઘર (ડ) આંગળિયાત

૧૦ દલપતરામની 'મિથ્યાભિમાન' કૃતિમાં કયું અમરપાત્ર છે?
(અ) જીવરામ ભટ્ટ (બ) દોલતરાય ભટ્ટ
(ક) સુખરામ ભટ્ટ (ડ) માણભટ્ટ

૧૧ અલી ડોસો અને ભૈયાદાદા પાત્રોના સર્જક કોણ છે ?
(અ) બકુલ ત્રિપાઠી (બ) બાલશંકર ઠાકર
(ક) ધૂમકેતુ (ડ) રમેશ પારેખ

૧૨ 'સાવિત્રી' અંગ્રેજી કાવ્યનો પદ્યાનુવાદ કોણે કર્યો છે ?
(અ) રાજેન્દ્ર શાહ (બ) સુંદરમ્
(ક) બાલમુકુંદ દવે (ડ) કૃષ્ણલાલ શ્રીધરાણી

૧૩ 'સંસ્કૃતિ' સામયિકની શરુઆત કોણે કરી હતી ?
(અ) રવિશંકર રાવળ (બ) ચીનુ મોદી
(ક) ગુણવંત શાહ (ડ) ઉમાશંકર જોશી

૧૪ 'વક્ષોપનિષદ' નિબંધના લેખક કોણ છે ?
(અ) ગુણવંત શાહ (બ) ચંદ્રકાન્ત શેઠ
(ક) રઘુવીર ચૌધરી (ડ) માધવ રામાનુજ

૧૫ 'નામરૂપ'નું સાહિત્યિક સ્વરુપ શું છે?
(અ) પ્રવાસ નિબંધ (બ) ચરિત્ર નિબંધ
(ક) નારીકા (ડ) કાવ્ય સંગ્રહ

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

- **૧૫ નવેમ્બર :**
- 'મૂછાળી મા' તરીકે જાણીતા થયેલા ગિજુભાઈ બધેકાનો જન્મદિવસ (૧૮૮૫)
- સાહિત્યકાર રાવજી પટેલનો જન્મદિવસ (૧૯૩૯)
- વિનોબા ભાવેની પુણ્યતિથિ (૧૯૮૨)
- ટેનિસ પ્લેયર સાનિયા મિર્ઝાનો જન્મદિવસ (૧૯૮૬)
- **૧૬ નવેમ્બર : રાષ્ટ્રીય પત્રકારિતા દિવસ / વર્લ્ડ ટોલરન્સ ડે**
- જાણીતા નાટ્યકાર/સાત્યિકાર શિવકુમાર જોષીનો જન્મદિવસ (૧૯૧૬)
- સાહિત્યકાર સુંદરજી ગોકળદાસ બેટાઈનું નિધન (૧૯૮૯)
- બેનઝીર ભુટ્ટો પાકિસ્તાનમાં ૧૧ વરસે થયેલ સામાન્ય ચૂંટણીમાં જીત્યા (૧૯૮૮)
- અમેરિકાએ અંતરિક્ષયાન કોલંબિયા-૫ એડવર્ડ લશ્કરી મથક પર ઉતર્યું (૧૯૮૨)
- **૧૭ નવેમ્બર : નેશનલ એપિલેટ્સ (વાઈ) દિવસ**
- મહર્ષિ અરવિંદના પટ્ટશિષ્યા શ્રીમતી મીરા અલ્ફોઝા ઉર્ફે માતાજીનો જન્મદિવસ (૧૮૭૮)
- લાલા લજરતરાયનું અવસાન (૧૯૨૮)
- શિવસેના સુપ્રિમો બાલ ઠાકરોનું નિધન (૨૦૧૨)
- ક્રિકેટર યુસુફ પઠાણનો જન્મદિવસ (૧૯૮૨)
- **૧૮ નવેમ્બર**
- ગુજરાતી રંગભૂમિના મૂર્ધન્ય દિગ્દર્શક, નાટ્યકાર, લેખક, જયંતિ દલાલનો જન્મદિવસ (૧૯૦૯)
- મહારાજ જયસિંહ બીજાએ જયપુર સ્થાપના કરી (૧૭૨૭)
- બેલ ટેલિફોન દ્વારા પ્રથમ પુશબટન ફોન શરૂ કરાયો (૧૯૬૩)
- જાણીતા ફિલ્મ ઉદ્યોગપતિ વી. શાતારામનો જન્મદિવસ (૧૯૦૧)
- **૧૯ નવેમ્બર : આંતરરાષ્ટ્રીય પુરુષ દિવસ**
- ભારતની લોખંડી મહિલા અને પૂર્વ વડાપ્રધાન સ્વ. ઈંદિરા ગાંધીનો જન્મદિવસ (૧૯૧૭)
- ઝાંસીની રાણી લક્ષ્મીબાઈનો વારાણસીમાં જન્મ થયો (૧૮૨૮)
- નવી દિલ્હીમાં એશિયાડ રમતોત્સવ શરૂ થયો (૧૯૮૨)
- ઐશ્વર્યા રાય વિશ્વ સુંદરી બની (૧૯૯૪)
- **૨૦ નવેમ્બર : બાલ અધિકાર દિવસ/ઝંડા દિવસ**
- સાહિત્યકાર 'મણિશંકર ભટ્ટ' - 'કાન્ત' નો જન્મદિવસ (૧૮૬૭)
- સાહિત્યકાર અહેમદ નદિમ કાસમીનો જન્મદિવસ (૧૯૧૬)
- ક્રાંતિકારી શહીદ બેલડી સત્યેન્દુ બસુ અને કન્હાઈ દત્તની પુણ્યતિથિ (૧૯૦૮)
- અભિનેત્રી શિલ્પા શિરોડકટનો જન્મદિવસ (૧૯૬૯)
- **૨૧ નવેમ્બર :**
- દત્ત ઉપાસનાના પ્રચારક રંગ અવધૂતજીનો જન્મદિવસ (૧૮૯૮)
- વિતેલા જમાનાની ડાન્સર અને એકટ્રેસ હેલનનો જન્મદિવસ (૧૯૩૮)
- મહાન વૈજ્ઞાનિક સી.વી. રામનની પુણ્યતિથિ (૧૯૭૦)
- સર જગદીશ ચંદ્ર બોઝનો જન્મદિવસ (૧૯૫૮)

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**ફાયર બ્રાન્ડ નેતા સંજય રાઉત કયા રાજકીય પક્ષના નેતા છે ?**
**જવાબ : શિવસેના પાર્ટી**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત રાવલ - ૧૨૨૨/૨, સે-૭ડી (૨) નટુભાઈ દરજી : પેથાપુર
(૩) મૂળજીભાઈ પરમાર : સે-૭ (૪) જયેન્દ્રપ્રસાદ પાઠક : ઈન્ફો જુ.સા. કૉલેજ
(૫) પંકડ આર પ્રજાપતિ : ઉવારસદ (૬) હાર્દિક એન. ભટ્ટ : સે-૨૪

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**ડો. સી.વી. રામનને કઈ સાલમાં ફીઝીક્સનું નોબેલ પારિતોષિક મળ્યું હતું?**

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

# રમતાં રમતાં લડી પડે ભૈ, માણસ છે !!

હળવે હૈયે
પ્રકાશ લાલા



'જા, જા... ખોટ્ટાડા...!'

'હું ખોટ્ટાડો ? ફરી તો હવે તું જાય છે! પહેલાં હા-હા કરીને હવે...'




'અલ્યા છોકરાઓ, શાંતિથી અમોને... રમવાના બદલે કેમ લડો છો, હેં ?'

'દાદા, જુઓને આ શિવો અંચઈ કરે છે!'

'શું ?' શિવો બરાડી ઊઠે છે : 'હું અંચઈ કરું છું, એમ ? દાદા, અંચઈ તો આ ભગો કરે છે...'

'એક મિનિટ... શું અંચઈ કરે છે?'

'દાદા, પહેલાં એણે જ કબૂલેલું કે આપણે સાથે રમીએ... હું તને ય દાવ આપીશ.... ને હવે કહે છે કે....'

'એમ? જુઠ્ઠાડા.... શું નક્કી કર્યું હતું ? દાદા, શિવાને મેં સ્પષ્ટ કહ્યું હતું કે બેટ મારું છે, બોલ મારો છે, ને હું ચોક્કા-છગ્ગા ફટકારવામાં ય એનાથી આગળ છું... વળી હંમેશા મારો સ્કોર બધાથી વધારે જ રહ્યો છે એટલે બેટિંગ તો હું જ કરીશ... તારે તો મારી સાથે રમવાનું - ફિલ્ડીંગ જ ભરવાની !!'

'ના હોં, દાદા... મને રમવા બોલાવવા ભગો આવ્યો ત્યારે ઘેરથી નીકળતાં અહીં ગ્રાઉન્ટ પર આવતાં પહેલાં મેં કહેલું કે હું ખાલી ફિલ્ડીંગ નહીં ભરું... થોડીવાર એ બેટિંગ કરશે ને પછી થોડીવાર મનેય બેટિંગ આપવાની ૫૦-૫૦ ટકા બંને દાવ લઈશું... ત્યારે તો રમવાની ગરજ હતી એટલે મારી વાત માની ને હા... હા... કરતો હોત ને હવે ફરી જાય છે... એવું ચાલે...?'

'શિવા, મેં એવી કશી શરત સ્વીકારી નહોતી... ને તારી કોઈ વાતમાં હા પાડી જ નહોતી...'

'દાદા, શિવાએ મારી બધી વાતમાં એ વખતે હા પાડી જ હતી.... હણ હવે એ ફરી જાય છે.'

'ના, મેં તો સાફ કહ્યું હતું કે બેટીંગ તો હું જ કરીશ ને તું ખાલી ફિલ્ડીંગ ભરીશ. ત્યારે એની સાથે રમનાર કોઈ ન હતું એટલે શિવો મારી સાથે રમવા તૈયાર થઈ ગયો હતો પણ હવે આ બીજા બે - કોંગલો અને નેકો એમના તૂટેલા ફૂટેલા બેટ-બોલ ને સ્ટમ્પલાં સાથે ગ્રાઉન્ટ ઉપર રમવા આવી ગયા છે એટલે શિવલો અંચઈ કરે છે અને પેલા બે જણા સાથે બેટિંગનું ને બધું સેટિંગ ગોઠવી મારી જોડે રમવાની ના પાડે છે...'

'છોકરાઓ, સાંભળો...'

'શું દાદા ?'

'તમે લોકો શાંતિથી નક્કી કરી લો કે કોને કોની જોડે રમવું છે ને કોને કોની જોડે રમવાનું ફાવે એવું નથી... પણ જલ્દી ને ધાંધલ-ધમાલ-બખેડા વગર, નહીં તો...'

'નહીં તો શું, દાદા ?'

'નહીં તો આ મારા ઘર આગળના ગ્રાઉન્ડમાંથી તમને બધાંને ય કાઢી મૂકીશ... કોઈનેય રમવા નહીં દઉં, હા... સમજ્યા ?'

'સમજ્યા ! એટલે દાદા, તમે...'

'હા, ના છૂટકે મારે મહારાષ્ટ્રવાદી કરવી પડશે !!'

'આ વાતને મહારાષ્ટ્ર રાજયની ચૂંટણી પછીની સ્થિતિ - પરિસ્થિતિ સાથે કંઈ લેવા-દેવા નથી... પણ 'યથા રાજા તથા પ્રજા' એ ઉક્તિ અનાયાસે યાદ આવી જાય છે !!'

● ● ●

'ગાંધીનગર કલ્ચરલ ફોરમ' દ્વારા પ્રસન્નતાના પચ્ચીસમા વર્ષની ઉજવણી અંતર્ગત 'પ્રસન્નતા જ સફળતાની પારાશીશી' વિષય પર મનનીય વકતવ્ય આપતાં પૂ. ભાઈશ્રી રમેશભાઈ ઓઝાએ પણ આ સાંપ્રત સમસ્યાને સાંકળી લઈ જે હળવી વાત કરી તે : 'આ વખતે ચોમાસું પૂરું થવા છતાં વરસાદ જવાનું નામ લેતો નથી... હજી વરસ્યા કરે છે... એટલે લાગે છે કે વરસમાં ચોમાસા અને ઉનાળાએ છ-છ મહિના રાજ કરવાનું નક્કી કરી લીધું છે અને શિયાળો એમને બહારથી ટેકો આપશે !!'

● ● ●

કૂતરાં હવે રોટલી - રોટલો - ભાખરી નથી ખાતાં... બિસ્કિટ જ જોઈએ છે એમને... એટલે એ અર્થમાં કૂતરાંઓની લાઈફ સ્ટાઈલ - જીવનશૈલી હાઈ થઈ કહેવાય ?